સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ટાંટિયાખેંચથી નવરા નથી, કામ થાય કેમ ?
અદેખાઇના દાવપેંચમાં નાણાં ખર્ચાય કેમ ?
વપરાય કેમ ગ્રાંટ અન્યોના મત વિસ્તારમાં -
જૂથબંધીની છે ખેંચાખેંચ વિકાસ થાય કેમ ?
(કેન્દ્ર - રાજ્ય સરકારની ગ્રાંટ વપરાઈ નથી)

હાઈકુ

ઈર્ષાથી એપ્સ!
સાથીને પછાડવા -
લ્યો ! ગ્રાંટ લેપ્સ!!

જૂથબંધીમાં,
સરકાર થઈ છે -
લ્યો! પારદર્શી

ચિંતન

अज्ञः सुखम आराध्यः सुखतरम् आराध्यते विशेषज्ञः ।
ज्ञानवल दुर्विदग्धं, ब्रह्मा अपितंनरं न रंजयति ॥

ઉપરોક્ત શ્લોક પરમવાણીગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

અજ્ઞાનીઓને પ્રસન્ન કરવાનું સરળ છે, વિશેષ જ્ઞાની-સુજ્ઞ વ્યક્તિને પ્રસન્ન કરવાનું તો વળી એનાથી પણ સરળ છે, પરંતુ જ્ઞાનના એકાદ અંશથી પ્રાપ્તિથી જ પોતાને રાજા માની બેઠેલા અધકચરા જ્ઞાનીને તો ખુદ બ્રહ્મા પણ પ્રસન્ન કરી શકે નહીં,

જે જ્ઞાની છે એ તો સ્વભાવે નમ્ર જ હોય છે. કારણ કે એ પોતે કશું જાણતો નથી, ભણ્યો નથી, અભણ છે. તેથી અબુધ છે. પોતાને કશી જ ખબર ન પડે એ સ્વીકારીને જ અજ્ઞાની નમ્ર થઈ જાય છે. તેવી વ્યક્તિને કોઈ વાત સમજાવવી હોય તો તે તરત સમજે, સ્વીકાર કરે અને સરળતાથી ખુશ પણ થઈ જાય.

જ્ઞાની હોય તે વાતના મૂળને તરત સમજી શકે છે એટલે તેને સત્યથી તરત જ પ્રસન્ન કરી શકાય છે.

પરંતુ જે અર્ધકચરાં હોય, પૂરી સમજ ન ધરાવતા હોય, બહારની દુનિયા સાથે વિશેષ સંપર્કમાં ન હોય તેમને સત્ય સમજાવવું ખૂબ કપરું હોય છે. એમને સંબંધોનો સાચો ખ્યાલ આવતો નથી. બધા સંબંધોમાં એક જ પ્રકારની દુર્ગંધ એમને આવે છે. કારણ કે તેમણે એટલું જ મર્યાદિત જ્ઞાન-અનુભવ હોય છે. એવા લોકોને સમજાવવા કે પ્રસન્ન કરવા અતિ કઠિન હોય છે.

સુવિચાર

- કીર્તિ શૂરવીરનાં કાર્યનું અત્તર છે - **સોક્રેટિસ**
- કામ કરતા જ રહો, જ થશે તે સારું જ થશે,
  થોડું લેટ હશે પરંતુ લેટેસ્ટ હશે - **એસ. ભટ્ટાચાર્ય**
- સત્ય તકલીફ આપે છે પણ દગો નહીં - **મોરારિ બાપુ**
- હોંશિયારી છોડીને, ચાલાકી છોડીને,
  ચતુરાઈ છોડીને મન-કર્મ-વચનથી જે હરિને ભજશે એમને કૃપાનો અનુભવ થશે - **ડો. વિષ્ણુ પંડ્યા**
- પૈસોં સે બડી સોચ નહીં આતી... લેકિન... બડી સોચ સે પૈસા જરૂર આતા હૈ - **સિદ્ધાર્થ સાહની**
- સમસ્યા તો હવા જેવી હોય છે, ઘર ગમે તેવું બંધ હોય પણ અંદર આવી જ જાય છે - **બોધિ વૃક્ષ**
- આજનું ઔષધ : ફણસનું શાખ ખાવાથી જો આફરો ચડે તો સાદુ નાગરવેલનું પાન સોપારી સાથે ચાવી જવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અમેરિકન જેટ ફાઈટર વિમાનનો એક બાહોશ પાઈલોટ હતો. તેનું નામ હતું ચાર્લ્સ પ્લંબ. વિયેતનામ સામે થયેલા યુદ્ધમાં તે 'કિટીહોક' નામના યુદ્ધ જહાજ પરથી પોતાનું વિમાન લઈને ઉડતો અને વિયેતનામના શહેરોને અચૂક નિશાન પર બોંબ વરસાવીને પાછો પરતો. એક દિવસ તે છોંત્તેરમી વાર જયારે બોંબ વરસાવીને પાછો ફરી રહ્યો હતો ત્યારે વિયેતનામનાં લશ્કરની એક મિસાઈલે તેના વિમાનને વીંધી નાખ્યું. પ્લંબ જીવ બચાવવા કૂદી પડ્યો. વિમાન તૂટી ગયું. હજારો મીટર ઉપરથી કૂદ્યો. સમયસર છત્રી ખોલી જીવ બચાવી અમેરિકા પાછો ફર્યો. રિયાટર થયા પછી પોતાના યુદ્ધ વખતના અનુભવો વિશે લેકચર આપતો. લોકોમાં તેની ખૂબ વાહ વાહ થતી અને પ્લંબ પોરસતો. એકવાર આવું એક લેકચર પુરું થયું. ત્યારે એક સામાન્ય મજૂર જેવો માણસ ચાર્લ્સને મળવા આવ્યો. તેણે ચાર્લ્સ સાથે હાથ મિલાવ્યા અને કહ્યું, 'મિસ્ટર, ચાર્લ્સ તમારી સાથે હું પણ 'કિટીહોક' જહાજ પર હતો. અને તમારા વિમાનની છત્રી પેક કરવાનું કામ મેં કર્યું હતું.' આટલું બોલી પેલો માણસ ટોળામાં અદૃશ્ય થઈ ગયો. એ રાત્રે ચાર્લ્સને ઊંઘ ન આવી. એ આધ્યાત્મિક ચિંતને ચડી ગયો. એ વિચારી રહ્યો કે મારા પરાક્રમો તો ઠીક છે પણ મારી પાછળ આવા સંરક્ષકોનો મેં કદી વિચાર જ કર્યો ન હતો, કે કદી મેં તેમનો આભાર પણ માન્યો ન હતો. એ દિવસે મારી છત્રી ન જ ખૂલી હોય તો હું અત્યારે જીવતો ન હોત. એણે મનોમન પેલા માણસનો આભાર માન્યો.

વિદ્યાર્થીના ઘડતર માટે જ પરીક્ષા

તંત્રીસ્થાનેથી...

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા શરુ થઈ ગઈ છે. ૧૦ + ૨ વાળી રાષ્ટ્રવ્યાપી શિક્ષણ પ્રણાલી અપનાવ્યા પછી છેલ્લાં ઘણાં વર્ષોથી અગાઉની અગિયાર ધોરણવાળી એસએસસીનું સ્થાન દસમા ધોરણે લઈ લીધું છે અને અગાઉ કૉલેજનું પહેલું વર્ષ ગણાતું તે હવે 'હાયર સેકન્ડરી'નું બારણું ધોરણ ગણાય છે. બોર્ડ બેઉ પરીક્ષાઓ ખૂબ જ કાળજીપૂર્વક સંપન્ન કરતું રહ્યું છે, જેમાં સૌથી વધારે ધ્યાન ખેંચનારી બાબત પરીક્ષામાં થતી 'ચોરી' - કોપી વગેરે અટકાવવામાં મળેલી સફળતા છે. કયારેક પરીક્ષાકેન્દ્રોમાં છડેચોક વિદ્યાર્થીઓને ચોરી કરાવવામાં આવતી અને એમાં તમામ સ્તરે આંખ આડા કાન થતા રહેતા. એથી જનમાનસમાં પોતાનું બાળક ટકાવારીમાં પાછળ ન રહી જાય એ માટે યેનકેન કારેણ એને મદદ પહોંચાડવાની વૃત્તિ રહ્યા કરતી હતી જેમાં પેપર ફોડવાથી લઈ, ચાલુ પરીક્ષામાં જવાબો લખાવવાથી માંડી પરીક્ષકોનું પગેરું લઈ ધાર્યા ગુણાંક મુકાવવા સુધીની કાર્યવાહી થતી રહેતી. શિક્ષણ જગતમાં મોટા માથાં પણ આ બદીથી બાકાત નહોતાં બલકે રાજકીય આગેવાનો પણ એમાં સામેલ રહેતા. આથી બદનામ થયેલી પરીક્ષા પદ્ધતિમાં સુધારો લાવવો તે સરકારના શિક્ષણ વિભાગ માટે મસમોટો પડકાર બની રહ્યો હતો. છેલ્લે કેટલાંક વર્ષોથી એમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે એ સ્વીકારવું પડે. પરંતુ દસમા-બારમાના કુમળા વિદ્યાર્થીઓને ચોરી કરતા અટકાવવા માટે કેવડું મોટું લાવલશ્કર કામે લગાવવું પડે છે એ જાણીએ ત્યારે વિષાદ થયા વિના રહેતો નથી. હજારો પોલીસ અને કહેવાતાં 'સંવેદનશીલ' કેન્દ્રો પર તો અર્ધલસ્કરી દળના સૈનિકો તહેનાત કરી દેવા પડે તે શું ગરવી ગુજરાતની શિક્ષણ આલમની લાચારી નથી ? અગાઉના જમાનામાં વિદ્યાર્થી આજ્ઞાંકિત હતો. એને ગુરુજનોના આદેશ માથે ચડાવવામાં વિદ્યાભ્યાસની ઈતિશ્રી વર્તાતી. કાળક્રમે શિક્ષણનું સ્તર નીચું ને નીચું ઊતરતું ગયું છે અને શિશ્રકોની તો આમન્યા સાવ જ સમાપ્ત થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ શાળાએ જવા કરતાં ટ્યૂશન કલાસીસમાં જવાનું વધુ પસંદ કરે છે. તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઊંચી ટકાવારી લાવવાનું ટેન્શન એટલું વધી જાય છે કે આ કાચી વયે એ સરખી ઊંઘ નથી લઈ શકતા કે ધરાઈને ધાન નથી ખાઈ શકતા. તરુણોની ઊંઘ અને ભૂખ બેઉને આ પરીક્ષા નામની પિશાચિની ખાઈ જાય છે. વાલીઓ પણ પોતાના બાળકોની ઉજ્જવળ કારકિર્દી પાછળ બેફામ ખર્ચ કરે છે, વતન છોડીને ગાંધીનગર જેવા શૈક્ષણિક હબની પ્રતિષ્ઠિત ખાનગી શાળામાં બાળકને ભણાવે છે. દેખીતી રીતે જ આ કુમળી વયના બાળ માનસ અને શરીર ઉપરના ક્રૂર અને જંગલિયતભર્યો ત્રાસ ગણાવો જોઈએ. પરંતુ દરેક માતાપિતા પોતાના બાળકને શ્રેષ્ઠ કમાણી કરતું જોવા ઝંખે છે અને એટલા માટે આગોતરું રોકાણ કરવામાં એમને શાણપણ વર્તાય છે. પરીક્ષાની વૈતરણી સરખી રીતે પાર નહીં કરી શકાય એવી દહેશતમાં ઘણા નિર્દોષ બાળકો અઘટિત પગલું ભરી લે છે, એથી વધુ કરુણતા કઈ હોઈ શકે ? એટલે પરીક્ષા પદ્ધતિનો 'હાઉ' દૂર કરવા માટેના પ્રયાસો સરકાર અને સમાજ - બેઉ સ્તરે થવા જોઈએ. પરીક્ષા કેન્દ્રોની આસપાસ પોલીસ કે અર્ધલશ્કરી દળોનો જમાવડો જોઈને તો બિચારું છોકરું વાંચેલું પણ ભૂલી જશે ! આશા રાકીએ કે આગામી દિવસોમાં આ મુદ્દે પણ કોઈ ગંભીર ચિંતનશિબિરો યોજાય. શાળાકાળ દરમિયાન સાવ જ મધ્યમ કક્ષાના વિદ્યાર્થી નરેન્દ્રભાઈ મોદી એમની પ્રતિભાના જોરે દેશના વડાપ્રધાન પદે પહોંચી શકે છે અને એસએસસીમાં ત્રણ ટ્રાયલ મારનારા મોરારિ બાપુ દુનિયાભરમાં પૂજાય છે. ખુદ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ક્યાં બહુ તેજસ્વી વિદ્યાર્થી હતા ? પ્રખર વૈજ્ઞાનિક આઈનસ્ટાઈન પણ ચીલાચાલુ પીરક્ષાઓમાં સફળ નહોતા થયા. એટલે માત્ર પરીક્ષાને જ કારકિર્દી માટે મહત્ત્વ આપી દેવાનો અભિગમ છોડીએ તે જરૂરી છે. દરમિયાન દસમા અને બારમા ધોરણની પરીક્ષામાં બેસનારા તમામ વિદ્યાર્થી મિત્રોને અંતઃકરણની શુભેચ્છાઓ !

વિશ્વ નારી ગૌરવ દિવસે - એક તેજસ્વિનીનું પુણ્યસ્મરણ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

આઠમી માર્ચ - આંતરરાષ્ટ્રીય મહિલા ગૌરવ દિવસ છે. ત્યારે પૌરાણિક યુગની એક નારી પ્રતિભાનું પુણ્યસ્મરણ થાય છે.

એક પ્રચલિત શ્લોક છે - 'અહલ્યા, દ્રૌપદી, સીતા, તારા, મંદોદરી : આ પાંચ કન્યાને હંમેશા સ્મરણમાં રાખવી. આનાથી પાપ ગમે તેટલા મોટા હોય, તો પણ નાશ પામે છે.'

આમાં બીજા ક્રમે દ્રૌપદી છે.

ચંદ્રવંશના દ્રુપદ પાંચાલ પ્રદેશના રાજા હતા. એમણે એક વાર પુત્રની કામનાથી યજ્ઞ કર્યો. દેવરાજ ઈન્દ્રના પત્ની શચી છે. એમણે આ યજ્ઞની જવાળામાં પોતાનો અંશ મૂક્યો. તરત જ એમાંથી કન્યા પ્રગટી. યજ્ઞના ફળસ્વરુપે દ્રુપદને પુત્ર જન્મ્યો. એનું નામ ધૃષ્ટદ્યુમ્ન હતું.

અગ્નિમાંથી પ્રગટેલી કન્યા દ્રુપદની પુત્રી થઈ. એટલે દ્રૌપદી કહેવાઈ. દ્રુપદનું બીજું નામ યજ્ઞસેન હતું, એટલે એનું નામ યાજ્ઞસેની થયું. અગ્નિને કારણે એનો વર્ણ શ્યામ હતો; તેથી કૃષ્ણા કહેવાઈ. આમ પણ કૃષ્ણને એના માટે બહેનનો વાત્સલ્યભાવ હતો.

દ્રૌપદીને સૂર્યની ઉપાસના નાનપમથી હતી. એણે ભગવાન સૂર્યની પ્રતિમાનું પ્રતિષ્ઠાપન કરાવ્યું. આ પ્રતિમા દ્રૌપદાદિત્યને નામે જાણીતી થઈ.

દ્રૌપદીના સ્વયંવર સમયે અર્જુને મત્સ્યવેધ કર્યો. એટલે એનું વરણ થયું. પાંચેય ભાઈઓ સાથે દ્રૌપદી ઘરે આવી. ઘરમાં પ્રવેશતાં પહેલાં ભાઈઓએ હર્ષમાં કહ્યું, 'મા ! અમે ઉત્તમ ભીક્ષા માગીને લાવ્યા છીએ.' માતા કુન્તીએ બમણા હર્ષાવેશમાં જોયા વિના કહી નાખ્યું. 'બહુ સરસ. સમાન ભાવે સ્વીકારી લો!' દ્રૌપદીએ આ વચનોને આદેશની જેમ સ્વીકારી લીધા. પરંતુ દેવર્ષિ નારદની સાક્ષીએ ભાઈઓએ પ્રતિજ્ઞા કરી - 'કોઈ એક ભાઈ દ્રૌપદી એકાન્તમાં હોય, ત્યારે બીજા કોઈએ પ્રવેશ ન કરવો. જો કોઈ પ્રવેશ કરશે, એણે બાર વરસ વનવાસ ભોગવવો પડશે.'

પાંચેય પાંડવથી દ્રૌપદીને પાંચ પુત્ર થયા. (૧) યુધિષ્ઠિરથી પ્રતિવિન્ધ્ય (૨) ભીમથી શ્રુતસેન (૩) અર્જુનથી શ્રુતકીર્તિ (૪) નકુળથી શતાનીક (૫) સહદેવથી શ્રુતકર્મા.

દ્રૌપદી વિષેની એક લોકવાયકા સરસ છે - બાળપણમાં કૃષ્ણ અને કૃષ્ણા સાથે હતા. કૃષ્ણ શેરડી છોલતા હતા. એની છરી આંગણીમાં વાગી. ત્યાંથી લોહી નિકળવા લાગ્યું. દ્રૌપદીએ વસ્ત્રનો છેડો ફાડ્યો. એનાથી કૃષ્ણને પાટો બાંધ્યો. દુર્યોધનની દ્યુતસભામાં દ્રૌપદી તદ્દન અસહાય હતી. એનું એક માત્ર વસ્ત્ર દુઃશાસન ખેંચવા લાગ્યો. આશ્ચર્ય ! એક પછી એક વસ્ત્ર નિકળતું જ જાય ! અંતે થાકીને દુઃશાસન ફસકાઈ પડ્યો. નાનપણમાં પાટો દ્રૌપદીએ બાંધ્યો હતો, એ પાટાના તાણા અને વાણા જેટલા વસ્ત્રો શ્રીકૃષ્ણે પૂરા પાડ્યાં !

દ્યુતસભામાં પણ વડીલો, આચાર્યો અને સ્વજનોને એણે બરોબર આકોશ સંભળાવ્યો - 'યુધિષ્ઠિર પોતે પોતાની જાતને હારી ચૂક્યા હોય, ત્યાર પછી મને હોડમાં મૂકી જ કેમ શકે ? હું પોતે હરાઈ નથી. હું સ્વતંત્ર જ છું, કોઈની દાસી નથી.' એણે ભીષ્મ પ્રતિજ્ઞા લીધી. 'મારા આ વાળ ખુલ્લા જ રહેશે. આ દુઃશાસનના લોહીથી મારા વાળ સીંચાશે નહીં, ત્યાં સુધી આ વાળ બંધાશે નહીં.'

તે નૃત્યકળામાં નિર્પુણ હતી. સૌંદર્યપ્રસાધન કલામાં નિર્પુણ હતી. એટલે તો વિરાટ રાજા પાસે સૈરન્ધ્રી તરીકે રહી હતી.

તે પ્રતિશોધની ધધકતી જવાળા હતી; પરંતુ જીવનની ઉત્તર અવસ્થામાં અશ્વત્થામાને એના દુષ્કૃત્ય માટે માફ કરી દીધેલો.

દ્રૌપદીનું સ્મરણ મહાપાતકનાશક છે. દ્રૌપદીનું સમગ્ર વ્યક્તિત્વ સંપૂર્ણપણે પ્રેરણાદાયક છે. કોઈ પણ માણસને દુષ્કર્મ કરતો અટકાવી દે, એવી ક્ષમતા એમાં પડેલી છે.

વિશ્વ નારી ગૌરવ દિવસે આ ગૌરવશીલ નારી પ્રતિભાને વંદન.

ઈકોલોજીનો પ્રથમ શબ્દ પ્રયોગ કોણે કર્યો હતો?

પર્યાવરણ

૧ ગોવિંદ વલ્લભપંત હિમાલયી પર્યાવરણ અને વિકાસ સંસ્થાન કયા આવેલ છે ?
(અ) ભરતપુર (બ) અમલોડા
(ક) સિમલા (ડ) દાર્જિલિંગ

૨ સંયુક્ત રાષ્ટ્રસંઘે કયા વર્ષને પર્યાવરણ ચેતના વર્ષ તરીકે જાહેર કર્યું હતું ?
(અ) ૧૯૮૬ (બ) ૧૯૯૦
(ક) ૧૯૯૨ (ડ) ૧૯૯૪

૩ ૨૨ એપ્રિલ કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) વિશ્વ ચકલી દિવસ (બ) વિશ્વ જલદિવસ
(ક) વિશ્વ પૃથ્વી દિવસ (ડ) વિશ્વ ઓઝોન દિવસ

૪ ઈકોલોજીનો પ્રથમ શબ્દ પ્રયોગ કોણે કર્યો હતો ?
(અ) અન્સર્ટ હીકલ (બ) જે સી બોઝ
(ક) જે ફોરિયર (ડ) એ જી ટ્રાન્સલે

૫ પર્યાવરણ સાથે સંબંધિત 'રેડ ડેટા બુક' માં કઈ માહિતી હોય છે?
(અ) કલાયમેટ ચેન્જની (બ) ૩૦ વર્ષમાં લુપ્ત થયેલ વન્ય પ્રજાતિઓની માહિતી
(ક) પૃથ્વીના તાપમાનની માહિતી (ડ) વાવાઝોડા અંગેની માહિતી

૬ ભારતીય હાથી કયા રાજયનું રાજય પ્રાણી છે ?
(અ) આંધ્રપ્રદેશ (બ) તામિલનાડુ
(ક) કર્ણાટક (ડ) કેરાલા

૭ જિમ કાર્બેટ કોણ હતા ?
(અ) સાહિત્યકાર (બ) પર્યાવરણવાદી
(ક) એક શિકારી (ડ) નાટ્યકાર

૮ રશિયામાં ચર્નોબિલની દુર્ઘટના કયા વર્ષ થઈ હતી ?
(અ) ૧૯૮૫ (બ) ૧૯૮૬
(ક) ૧૯૮૮ (ડ) ૧૯૯૦

૯ લા નીનો અને અલ નીનો કોને સંબંધિત છે ?
(અ) વાવાઝોડા (બ) જવાળામુખી
(ક) મહાસાગરના પ્રવાહ (ડ) ધરતીકંપ

૧૦ જે. ફોરિયરે પર્યાવરણ સંબંધિત કયો શબ્દ આપ્યો ?
(અ) ગ્રીન હાઉસ (બ) કલાયમેટ ચેન્જ
(ક) ઈકોલોજી (ડ) ઈકો સિસ્ટમ

૧૧ 'ફન્ડામેન્ટલ ઓફ ઈકોલોજી' પુસ્તકના લેખક કોણ છે ?
(અ) એ જી ટ્રાન્સલે (બ) અન્સર્ટ હીકલ
(ક) જે ફોરિયર (ડ) ઓડમ

૧૨ 'મિથાઈલ આઈસો સાઈનાઈટ' (મીક ગેસ) સાથે કઈ દુર્ઘટના જોડાયેલ છે ?
(અ) ચર્નોબીલ (બ) સનીમાતા
(ક) ભોપાલ (ડ) કુકુશીમા

૧૩ ક્યોટો પ્રોટોકોલ અધિવેશન કોને સંબંધિત છે ?
(અ) ઓઝોડ પડ સુરક્ષા (બ) કાર્બન ક્રેડીટ
(ક) કલાયમેટ ચેન્જ (ડ) ધ્વની પ્રદૂષણ

૧૪ ઓઝોનની સાંદ્રતા માપવા કયો એકમ વપરાય છે ?
(અ) ડોબસન (બ) ડેસીબલ
(ક)પી.એચ (ડ) કેલરી

૧૫ રાષ્ટ્રીય મરુઉદ્યાન કયાં આવેલ છે ?
(અ) ગુજરાત (બ) રાજસ્થાન
(ક) હરિયાણા (ડ) પંજાબ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૬ માર્ચ :**
  - ગુજરાતના પ્રથમ સમર્થ હાસ્યકાર રમણભાઈ નિલકંઠનું નિધન (૧૯૨૮)
  - શિલ્પ, સ્થાપત્ય, અને સર્વોત્તમ કૃતિઓના સર્જન કરનાર માઈકલ એન્જલોનો જન્મદિવસ (૧૪૭૫)
  - દાઉદી વહોરા સમુદાયના બાવનમા ધર્મગુરુ ડૉ. સૈયદ સાહેબનો જન્મદિવસ (૧૯૧૫)
  - અંગ્રેજોના શાસનમાંથી આઝાદી મેળવનાર ઘાના પહેલો આફ્રિકન દેન બન્યો (૧૯૫૭)
- **૭ માર્ચ :**
  - ભારતના મહાન સંત પરમહંસ યોગાનંદનું નિધન (૧૯૫૨)
  - જાણીતા સાહિત્યકાર બાલમુકુંદ દવેનો જન્મદિવસ (૧૯૧૬)
  - આયુર્વેદાચાર્ય માનવસેવા વ્રતધારી યાદવજી આચાર્યની પુણ્યતિથિ (૧૯૫૬)
  - સચ્ચિદાનંદ વાત્સાયન 'અગ્નેય'ની જન્મજયંતિ (૧૯૧૧)
- **૮મી માર્ચ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ**
  - મહાન કવિ જહોન મિલ્ટનનો જન્મદિવસ (૧૬૦૮)
  - હરિનારાયણ આપ્ટેની જન્મજયંતિ (૧૮૬૪)
  - સાહિર લુધિયાનવીની જન્મજયંતિ (૧૯૨૧)
  - સિનેમેટોગ્રાફર સંતોષ સિવનનો જન્મદિવસ (૧૯૬૪)
- **૯ માર્ચ :**
  - સાહિત્ય સર્જક નવલરામ પંડ્યાનો જન્મદિસવ (૧૮૩૬)
  - ન્યૂયોર્કના ચાલ્સ ગ્રેહામે કૃત્રિમ દાંતોની પેટન્ટ કરાવી (૧૮૨૨)
  - રશિયન અવકાશયાત્રી યુરીગાગારીનનો જન્મદિવસ (૧૯૩૪)
  - રાજયસભામાં ઐતિહાસિક 'મહિલા અનામત' બિલ પસાર થયું (૨૦૧૦)
- **૧૦ માર્ચ :**
  - ઈસરોના પૂર્વ ચેરમેન યુ.આ. રાજનો જન્મદિવસ (૧૯૩૨)
  - અકબરે 'દીને ઈલાહી' ધર્મની સ્થાપના કરી (૧૬૫૬)
  - સાબરમતી આશ્રમ પાસેથી ગાંધીજીની પહેલી વખત ધરપકડ થઈ (૧૯૨૨)
  - વિયેતનામ જાપાનથી આઝાદ થયું (૧૯૪૫)
- **૧૧ માર્ચ : આંદાબાર નિકોબાર સ્થાપના દિવસ**
  - આજીવન તપસ્વી, પ્રખર લોકસેવક અણ્ણા સાહેબ સહસ્ત્રબુદ્ધેનું નિધન (૧૯૮૦)
  - પેનીસિલીનની શોધક એલેકઝાન્ડર ફલેમીંગનું અવસાન (૧૯૫૫)
  - ભારતીય ક્રિકેટર વિજય હજારેનો જન્મદિવસ (૧૯૧૫)
  - મહારાજા સયાજીરાવ ગાયકવાડનો જન્મદિવસ (૧૮૬૩)
- **૧૨ માર્ચ : દાંડીકૂચ / રાષ્ટ્રમંડળ દિન**
  - ભારત સરાકરે સાહિત્ય અકાદમીની સ્થાપના કરી
  - સાહિત્યકાર હરિન્દ્ર જયંતિલાલ દવેનું નિધન (૧૯૯૫)
  - મીઠા પરનો કરનો વિરોધ કરવા ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડીકૂચ કરી (૧૯૩૦)
  - સાહિત્ય સર્જક ગુણવંત શાહની જન્મજયંતિ (૧૯૩૭)

ગત સપ્તાહના સવાલનો જવાબ

કપિલ મિશ્રા સૌપ્રથમ કયા પક્ષમાંથી ચૂંટાઈને ધારાસભ્ય બન્યા હતા? જવાબ : આમ આદમી પાર્ટી

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) પંકડ આર પ્રજાપતિ : ઉવારસદ (૫) મહેશ જાદવ : રાયસણ (૬) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૭) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જૂ. સાયન્સ કોલેજ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

ઈસરોના ચંદ્રાયાન-૨ પ્રોજેક્ટમાં કઈ બે મહિલા વૈજ્ઞાનિકોનો મહત્ત્વનો ફાળો હતો?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

ખજાનો
અનિલ પટેલ

'જે દેશમાં રહો તે દેશને વફાદાર થઈને રહો' પદ્મશ્રી ડૉ. સૈયેદના સાહેબ

વેપારી અને સુસંસ્કૃત કોમ તરીકે વિશ્વમાં તેમનું માન અને સ્થાન મેળવ્યુ છે અને હરહંમેશ દેશને વફાદાર રહી તેવી દાઉદી વોહરા કોમના ધર્મગુરૂ ડૉ. સૈયેદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબનો જન્મ ૬ માર્ચ ૧૯૧૫ ના દિવસે સુરતના "મુલ્લાજી સાહેબની" દેવડી તરીકે ઓળખાતા એક મહોલ્લામાં થયો હતો. ડો.સૈયદના મહંમદ બુરહાનુદ્દીન સાહેબ દાઉદી વોહરા કોમના બાવનમાં દાઈ બન્યા. વોહરા સમાજમાં ધર્મગુરુને દાઈ કહેવામાં આવે છે. તેમના દ્વારા વહોરા સમાજ તેમજ અન્ય સમાજને ઉપયોગી થઈ રહે એવા ઘણા કાર્યો થયા છે સમગ્ર વિશ્વમાં "શાંતિ ના દૂત" તરીકે ઓળખાતા તેમણે માત્ર ૨૦ વર્ષની વયે કુરાને શરીફ કંઠસ્થ કરી નાખ્યું. ૧૫ વર્ષની વયે હજ અદા કરી અને " બુરહાનુદ્દીન " નો ખિતાબ હાંસલ કર્યો. ૧૯૩૫મા તેઓ હાફીઝ થયા. તેમના નિકાહ અમાતુલ્લાહ આઈ સાહેબા સાથે થયા. 'જે દેશમાં રહો તે દેશને વફાદાર થઈને રહો' તેવો ઉપદેશ હમેશા આપતા હતા. તેઓ આશીર્વાદ સાથે કહેતા કે " તમે શાંતિ અને સંતોષ સાથે જીવો અને એવી રીતે આપના રાષ્ટ્રના હિતમાં ફાળો આપો કે જે ખુબ નોંધનીય હોય."

હંમેશા પ્રગતિશીલ ધર્મગુરુ જ સમાજમાં વિચારોની ક્રાંતિ લાવી શકે. સમૂહ લગ્નોનો વિચાર અને આત્મનિર્ભરતા માટે સમાજને નોકરી- ધંધો કરવાની પ્રેરણાની સાથે સાથે મુસ્લિમ સમાજમાં સ્ત્રી શિક્ષણની પહેલ કરનાર તેઓ ક્રાંતિકારી વિચારો ધરાવતા હતા. સુરતમાં ૧૮૧૪ સ્થપાયેલ અલ જામિયા તુસ સેફીયાહ નામક ઈસ્લામિક શિક્ષણ આપતી અત્યાધુનિક સુસજ્જ ઈસ્લામિક શૈક્ષણિક સંસ્થાનું સંચાલન તેઓ કરતા હતા. સમાજના આરોગ્યની ચિંતા કરતા તેમણે મુંબઈ ખાતે Multispeciality ધરાવતી "Saifee Hospital" નું નિર્માણ કરાવ્યું. ઈસ્લામિક બેન્કિંગ પ્રથાના તેઓ પ્રખર હિમાયતી એમણે "મુસ્લિમો માટે શિક્ષણ પછી ઉત્તમ માર્ગ વ્યવસાય છે" એમ કહેતા વોહરા સમાજને પોતાના વ્યવસાય ધંધો ઉભો કરવા સમાજમાંથી જ વ્યાજ મુક્ત લોન આપવાની પ્રથાનો આરંભ કર્યો. સૈયદના સાહેબની આવી દીર્ઘ દ્રષ્ટિને કારણે જ વોહરા સમાજ તેમના દાઈ તરીકેના ૪૯ વર્ષના શાસનકાળ દરમિયાન શૈક્ષણિક, આર્થિક, સામાજિક અને રાજકીય રીતે આગળ આવ્યો. મુંબઈમાં વોહરા સમાજના આર્થિક વિકાસ માટે સેફી બુરહાની ઉત્કર્ષ ટ્રસ્ટ અને જમાના સાથે તાલમેલ રાખીને વેપાર થઈ શકે અને લોકોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી તેમને મુંબઈ ખાતે "Burhaniyah Business Counselling Center" ની સ્થાપના કરી. તેઓ હંમેશા કહેતા કે :' પ્રભુને વહાલા થવું હોય તો એકબીજાને મદદરૂપ બનો. તમારા વતન પ્રત્યે પ્રેમ રાખો અને બધા જ માનવો પ્રત્યે સહાનુભૂતિ રાખો.'

પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

મહિલાઓને આર્થિક પગભર થવા પરિવાર, સમાજ માટે સમય કાઢી બાળકોને શિક્ષણ આપી શકે તે માટે તેમજ દાઉદી વહોરા સમાજનો કોઈ પણ માણસ ભૂખ્યા પેટે ન સૂવે અને તેને દયાદાન પર જીવવાનો અહેસાસ પણ ન થાય તે માટે સમાજના દરેક પરિવારને બપોરે તૈયાર ટિફિન આપવાની શરૂઆત કરી. આનું પરીણામ એ આ આવ્યું કે સમાજની ગૃહિણીઓ નવરાશના સમયમાં બાળકોને શિક્ષણ, ધંધા રોજગારમાં મદદરૂપ થવા ઉપરાંત ઈમિટેશન જ્વેલરી, ભરત-ગૂંથણ, સીવણ, વહોરા સમાજની ટોપી અને રીદા બનાવવાનું કામ કરવા લાગી છે. વર્તમાન પ૩મા સૈયદના અલીકદર મુફદ્દલ સૈફૂદ્દીન સાહેબ (તવલઅલ્લાહો ઉમરે શરીફ) પણ આ યોજનાને આગળ વધારી રહ્યા છે.

પર્યાવરણ ક્ષેત્રે જાગૃતતા માટે તથા રીસર્ચ માટે ૧૯૯૨ માં એમના ૮૦મા જન્મ દિવસે "Burhani Foundation" નામની સંસ્થાની સ્થાપના કરી. અને ૬ માર્ચ ૧૯૧૧ના રોજ ૧૦૦માં જન્મ દિવસ નિમિતે આ સંસ્થા દ્વારા લગભગ ૨૦૬૩૧ જેટલા "Bird Feeders" આપવામાં આવ્યા જેની Guinness Wrold Recrods એ નોંધ લીધી.

ઓક્ટોબર ૧૯૯૯માં અલીગર મુસ્લિમ યુનિવર્સીટીના Chancellor તરીકે કાર્યભાર સંભાળ્યો. તેમના કરેલા ઉમદા કાર્યોને આધારે જોર્ડન સરકાર દ્વારા "Order of the star of jroden" નો ખિતાબ આપવામાં આવ્યો. ઈજીપ્તની "al azhar university" તથા "University of Karachi" તથા "Aligarh Muslim University" દ્વારા Honroary Doctorates ની માનદ પદવી આપવામાં આવી..તેમજ ભારત સરકાર દ્વારા પદ્મશ્રીનો ખિતાબ આપવામાં આવ્યો

સમાજ તેમજ દેશના વિકાસમાં હમેશા તત્પર એવા ડૉ સૈયદના સાહેબ ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪નાં રોજ મુંબઈ ખાતે આ દુનિયાને ચિરવિદાય કરી હમેશા માટે જન્નાતશીન થયા છે. આ પ્રશંગે સમગ